શ્રી મુંબા દેવી આર્ટસ એન્ડ શ્રીમતી સુગનીબાય આર ચમારિયા કોમર્સ કોલેજ મોટાપોંઢા કોલેજનો વાર્ષિક શિબિરના ચોથા દિવસે વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં સવારે નિત્ય કર્મોમાંથી મુકત થઇ સૌ પ્રથમ શ્રી ગૌરાંગ ભાઈ પટેલ દ્વારા ( ધ મેગ્રનિ પ ,લાઈફ કોચ અને કાઉન્સિલર ) ખૂબજ ઉપયોગી એવી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યાર બાદ રાબડી શાળા કેમ્પસમાં બાળકો માટે' ફીટ ઈન્ડિયા ' અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લીંબુ ચમચી, દેડકા કૂદ, મટકા ફોડ, કેળા કૂદ, કોથળા દોડ, પ્રતિભા શોધ, સ્લો સાઇકલ સંગીત ખુરશી જેવી સ્પર્ધા ઓનું સંચાલન સ્વયં સેવકોએ રસપૂર્વક કર્યું હતું. ત્યાર બાદ રાબડી ગામમાં આવેલા શિવજી શિવાલયમાં સફાઈ કરવામાં આવી હતી. સાથે મંદિરમાં ભજન કરી ભકિતમય વાતાવરણ બનાવ્યું હતું. રાત્રે ભોજન બાદ સાંજની સભામાં ગાંધીજી ના ભજન સાથે વિવિધ પ્રકારના ભજનો સાથે અહેવાલ વાંચન કરી દિવસ પૂરો કર્યો હતો.





શ્રીમતી જે.પી શ્રોફ આર્ટસ કોલેજ વલસાડ ના એનએસએસ વિભાગ દ્વારા તારીખ ૧૧ -૨ -૨૦૨૪ થી ૧૭ -૨ -૨૦૨૪ દરમિયાન વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે વાર્ષિક શિબિર ના આજના ત્રીજાદિવસે પ્રથમ સેશનમાં ગુજરાત રાજ્યના યોગા કોર્ડીનેટર નિલેશભાઈ દ્વારા વિદ્યાર્થીઓને યોગા અને મેડીટેશન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ગામના લોકોની સ્વયંસેવકો દ્વારા વિઝીટ લેવામાં આવી હતી બીજા સેશનમાં નૂતન કેળવણી મંડળ વલસાડ ના કેમ્પસ ડાયરેક્ટર ડોક્ટર નિર્મલ વર્મા નો રાષ્ટ્ર નિર્માણન મેં યુવાઓ કા દાયિત્વ વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું આ વ્યાખ્યાન સ્વયંસેવકો માટે પ્રેરણાસ્રોત રહ્યું હતું.




















શ્રીમતી જે.પી શ્રોફ આર્ટસ કોલેજ વલસાડ ના એન .એસ .એસ વિભાગ દ્વારા તારીખ ૧૧ -૨ -૨૦૨૪ થી ૧૭ -૨ -૨૦૨૪ દરમિયાન વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું . વાર્ષિક શિબિર ના આજના છેલ્લા દિવસે પ્રથમ સેશનમાં પ્રાર્થના યોગા મેડીટેશન બાદ શ્રમ કાર્ય કરવામાં આવ્યું હતું .ત્યારબાદ બીજા સેશનમાં સમાપન સમારોહ યોજાયો . જેમાં આમંત્રિત મહેમાનો ગામના વડીલો તથા પ્રાઇમરી સ્કૂલના ટીચર હાજર રહ્યા હતા એમણે એમના પ્રતિભાવમાં વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી.ત્યારબાદ સ્વયંસેવકોને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યા હતા છેલ્લે વિદ્યાર્થીઓના પ્રતિભાવ લઈ શિબિરને સંપન્નસંજાહેર કરવામાં આવ્યો હતો.આ શિબિરને સફળ બનાવવા પ્રોગ્રામ ઓફિસરોએ ભારે જેહમત ઉઠાવી હતી .










શ્રીમતી જે.પી શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડના "એનએસએસ વિભાગ" દ્વારા તા.૧૧ -૨ -૨૦૨૪ થી ૧૭ -૨ -૨૦૨૪ દરમિયાન ભાગડાવડા, કોસંબા મુકામે "વાર્ષિક શિબિર"નું આયોજન કરવામાં આવ્યું હતું.
વાર્ષિક શિબિરના છઠ્ઠા દિવસે તા.૧૬/૦૨/૨૦૨૪ના રોજપ્રથમ સેશનમાં યોગ અને મેડિટેશન બાદ "રોડ સેફ્ટી અને ટ્રાફિક નિયમન" વિષય પર રાજેન્દ્ર કાપસેનું વ્યાખ્યાન યોજાયું હતું. ત્યારબાદ સ્વયંસેવકો દ્વારા "સાંસ્કૃતિક કાર્યક્રમ" ઉજવાયો હતો.જેમાં NSS સ્વયં સેવકો દ્વારા ૧૬ કૃતિઓ પર ગણેશવંદના, સમૂહનૃત્ય, ગીત, સમૂહગીત, નાટકની ભજવણી કરવામાં આવી હતી. જેને સ્વયંસેવકો, અધ્યાપકો અને ગામના લોકોએ માણી હતી.














શ્રીમતી જે.પી શ્રોફ આર્ટસ કોલેજ વલસાડ ના એન.એસ.એસ વિભાગ દ્વારા તારીખ ૧૧ -૨ -૨૦૨૪ થી ૧૭ -૨ -૨૦૨૪ દરમિયાન વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે આજરોજ કોલેજના કેમ્પસ ડાયરેક્ટર ડો. નિર્મલ શર્મા ના પ્રમુખ પણ હેઠળ ઉદઘાટન સમારંભ યોજાયો હતો . ઉદઘાટન સમારંભના ઉદ્ઘાટક તરીકે નૂતન કેળવણી મંડળના મંત્રી શ્રી કિર્તીભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા સાથે કોલેજના આચાર્ય શ્રી અધ્યાપક મિત્રો તથા ગામના વડીલો એ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી આ શિબિરની સફળતા માટે ઉપસ્થિત મહેમાનોએ અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.આજના બીજા સેશનમાં પ્રા સંધ્યાબેન શેલતનું 'વિદ્યાર્થી જીવનમાં એન .એસ .એસ નું મહત્વ ' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. આ પ્રોગ્રામને સફળ બનાવવા NSS ના પ્રોગ્રામ ઓફિસરોએ ભારે જહમત ઉઠાવી હતી


















શ્રીમતી જે.પી શ્રોફ આર્ટસ કોલેજ વલસાડ ના એનએસએસ વિભાગ દ્વારા તારીખ ૧૧ -૨ -૨૦૨૪ થી ૧૭ -૨ -૨૦૨૪ દરમિયાન વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે વાર્ષિક શિબિર ના આજના પ્રથમ દિવસે સ્થળ પર પહોંચી શ્રમ કાર્ય કરવામાં આવ્યું.











**વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા**

**વાર્ષિક શિબિર ૨૦૨૪**

Day 6 09/02/2024

**વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા ના NSS વિદ્યાર્થીઓ માટે પંચોલ ગામે NSS કેમ્પના છઠ્ઠા દિવસે સવારમાં વિદ્યાર્થીઓ દ્વારા નાસ્તો તૈયાર કરવામાં આવ્યો અને સાથે સાથે વિદ્યાર્થીઓ દ્વારા શાળા ના પ્રતાંગણ માં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. ત્યારબાદ ગામના લોકો માટે આયુર્વેદીક કેમ્પ તથા ચશ્મા શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં લગભગ ૨૫૦ જેટલા ગામના લોકો તેમજ શાળાના વિદ્યાર્થીઓએ લાભ લીધો. સાંજના સમયે વિદ્યાર્થીઓ દ્વારા રાત્રિ ભોજન તૈયાર કરી અંત માં ભોજન ગ્રહણ કરી મીટીંગ કરી જેમાં વિદ્યાર્થીઓ દ્વારા દિવસ નો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**






**વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા**
**વાર્ષિક શિબિર ૨૦૨૪**
Day 5 08/02/2024

**વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા NSS na વિદ્યાર્થીઓ દ્વારા સવારમાં નાસ્તો તૈયાર કરવામાં આવ્યો. નાસ્તો કર્યા બાદ નજીકમાં આવેલ આંબાપાલી ઇકો ટુરિઝમ ખાતે સફાઈ કરી એને પ્લાસ્ટિક મુકત કરવામાં આવ્યું. ત્યારબાદ ત્યાંથી વિદ્યાર્થીઓને ઐતિહાસિક સ્થળ માયાદેવી મંદિરની મુલાકાત લીધી અને દર્શન કરાવ્યા. ત્યાંથી નીકળી નજીકમાં આવેલ મહલ કેમ્પ સાઇટ પાસે ડાંગ ફેસ્ટ માં NSS ના વિદ્યાર્થીઓ જોડાયા. સાંજ ના સમયે દરેક સ્વયંસેવકો કેમ્પ સ્થળે પોંહચી, રાત્રિ ભોજન વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરી અંત માં ભોજન ગ્રહણ કરી મીટીંગ કરી જેમાં વિદ્યાર્થીઓ દ્વારા દિવસ નો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**









તારીખ - ૦૭/૦૨/૨૦૨૪
વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ બીલીમોરા
વાર્ષિક શિબિર ૨૦૨૪

આજ રોજ સ્વયંસેવકોએ ટુકડી પ્રમાણે ગામના જુદા જુદા ફળીયા માં ચશ્મા શિબિર અને આયુર્વેદિક સર્વે રોગ નિદાન કેમ્પ ની માહિતી આપવા માટે દરેક ઘરે ગયા. પંચોલ ગામ ની દૂધ મંડળી પર આ ચશ્મા શિબિર અને આયુર્વેદિક કેમ્પ ની માહિતી આપતું મોટું પોસ્ટર પણ લગાવવા માં આવ્યું. જેથી ગામના દરેક માણસને આનો લાભ મળે. વિદ્યાર્થી ઓ દ્વારા આશ્રમના બાળકો ને જુદી જુદી રમત જેવી કે રસ્સા ખેંચ ,દોડ, ક્રિકેટ રમાડવામાં આવી. સ્વયંસેવકો આશ્રમ શાળા ના બાળકો ને ભણાવવા માટે પણ ગયા.રાત્રે પ્રાર્થના કરી અહેવાલ વાંચન અને બીજે દિવસની કામગીરી સોંપવામાં આવી








**તારીખ -૦૬/૦૨/૨૦૨૪**
**વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા.**
**વાર્ષિક શિબિર ૨૦૨૪**

આજ રોજ એન.એસ.એસ ના વિધાર્થીઓ એ કેમ્પસની સાફ સફાઈ કરી. કેમ્પસ માં ઉગી નીકળેલો બીનજરૂરી કચરો ભેગો કરી, તેનો યોગ્ય નિકાલ કર્યો. વિધાર્થીઓ દ્વારા જાતે ભોજન બનાવવા માં આવ્યું. બપોર પછી ના સમય માં બીલીમોરા કોલેજ ના પ્રોફેસર જયંત ભાઈ પટેલ નું બૌધ્ધિક વ્યાખ્યાન રાખવામાં આવ્યું. પ્રોફેસર જયંત ભાઈ એ એન.એસ.એસ. નો ઉદભવ અને તેની વિકાસ યાત્રાનો સમગ્ર પરિચય વિધાર્થી ઓને કરાવ્યો.એમની શૈલી ખૂબ જ સરળ હતી. એન.એસ.એસ.ગીત , પછી પ્રાર્થેના, ભોજન મંત્ર દરેક ની વિસ્તૃત માહિતી આપી. પ્રોફેસર વિક્રમ ભાઈ દ્વારા આશ્રમના વિધાર્થી ઓને બિસ્કીટ નું વિતરણ કરવામાં આવ્યું. સાંજની મીટીંગ માં વિધાર્થી ઓએ પ્રાર્થેના કરી અને અહેવાલ રજૂ કરવામાં આવ્યો.








**વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા**
**વાર્ષિક શિબિર ૨૦૨૪**
Day 2 05/02/2024

**વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા દ્વારા આયોજિત NSS કેમ્પ ના બીજા દિવસે વહેલી સવારે શાળાના પરિસર માં વિદ્યાર્થીઓને યોગાસન કરાવવામાં આવ્યા. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા નાસ્તો તૈયાર કરવામાં આવ્યો. નાસ્તો કર્યા બાદ શિબિરનું ઉદઘાટન કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં. શાળાના આચાર્ય તેમજ ગામ સરપંચ ઉપસરપંચ હાજર રહ્યા હતા. ગામના સરપંચ દ્વારા કેમ્પનું ઉદઘાટન કરવામાં આવ્યું. બપોરનું ભોજન વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવ્યું. વિદ્યાર્થીઓ દ્વારા શ્રમના ભાગ રૂપે વૃક્ષારોપણ માટે ખાડા ખોદવામાં આવ્યા તેમજ વિદ્યાર્થીઓ દ્વારા શાળા પરિસરના વૃક્ષોને ગેરુ અને ચૂનો લગાવવામાં આવ્યો. રાત્રિ ભોજન વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરી અંત માં ભોજન ગ્રહણ કરી મીટીંગ કરી જેમાં વિદ્યાર્થીઓ દ્વારા દિવસ નો અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**













**વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા**

**વાર્ષિક શિબિર ૨૦૨૪**

Day 1 04/02/2024

**વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ બીલીમોરા દ્વારા આયોજિત NSS કેમ્પ ના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓ કોલેજ કેમ્પસ માંથી નીકળી ડોલવણ તાલુકા માં આવેલ કુંભિયા ખાતે પંચોલ આશ્રમ ખાતે પધાર્યા. કેમ્પ સ્થળે પોહચી વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પની ગોઠવણ કરવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીઓની ટુકડી પાડી દરેક ટુકડી ને તેમનું કામ સોંપવામાં આવ્યું અને વિદ્યાર્થીઓને NSS તાળી શીખવવામાં આવી. વિદ્યાર્થીઓ દ્વારા સફાઇ કરવામાં આવી. રાત્રિનું ભોજન વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવ્યું. ભોજન કર્યા બાદ વિદ્યાર્થીઓને મિટિંગ કરી જેમાં આગળના દિવસનું પ્લાનિંગ સમજવામાં આવ્યું અને ત્યારબાદ છૂટા પડ્યા.**












તા.૮/૨/૨૦૨૪ ના રોજ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ નેત્રંગની વાર્ષિક શિબિર ગામ અરેઠી. ના પાંચમા દિવસે નિત્યક્રમ પ્રમાણે પ્રભાત ફેરી,વ્યાયામ, શ્રમકાર્ય, બપોરનું ભોજન લીધા બાદ નૂતન ગ્રામ વિદ્યાપીઠ (BRS College) થવા, તા.નેત્રંગ. મુકામે સૌ શિબિરાર્થીઓને મુલાકાત લેવા માટે લઈ ગયા હતા. જ્યા "પ્રકૃતિ ખેતી" (સજીવ ખેતી)નું ખૂબ જ સુંદર કામ થઈ રહ્યુ છે. વર્મીકમ્પોસ્ટ ખાતર(અળસિયાનું ખાતર), જીવામૃત,ગૌ-કૃપા અમૃત કંઈ રીતે બનાવવામાં આવે છે,એની માહિતી BRS Collegeના આચાર્યશ્રી ડૉ.દિનેનભાઈ ચૌધરી, પ્રો.રમેશભાઈ પટેલે ખૂબ સુંદર રીતે વિસ્તારથી શિબિરાર્થીઓને સમજાવ્યુ. તેમજ સ્વામિનાથન કૃષિ પ્રયોગશાળામાં ડૉ.અજય પટેલ સાહેબે જમીન અને પાણીના પૃથકરણ અને Ph વિષેની માહિતી આપી. એ ઉપરાંત ગૌ-શાળા, ગોબર ગેસ અને પ્રાકૃતિક ખેતીની મુલાકાત લધી. જેમાં ડૉ.બિપીનસરે કંઈ રીતે પ્રકૃતિક ખેતી કરવામાં આવે છે. એની વિસ્તારથી શિબિરાર્થિઓને માહિતગાર કર્યા. તેમજ સંસ્થાના ૯૦ વર્ષિય ટ્રસ્ટી આદરણીય માનસિંહદાદા સાથે મુલાકાત કરી. જેઓ મહાત્મા ગાંધીજીના વિચારો સાથે આ સંસ્થાની કંઈ રીતે ૧૯૬૬ સ્થાપના કરી અને એમના સંઘર્ષ અને આનુભવો શિબિરાર્થીઓને જણાવ્યા અને પ્રાકૃતિક ખેતીમાટે પ્રોત્સાહિત કર્યા.









સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,નેત્રંગની વાર્ષિક શિબિર ગામ અરેઠી, જેમાં શિબિરના બીજા દિવસે સવારે પ્રભાત ફેરી, વ્યાયામ-યોગ, શાળાના કેમ્પસની સફા સફાઈ કરવામાં આવી. ઉદ્ઘાટન સમારોહ યોજવામાં આવ્યો. બપોરે ભોજન ગ્રહણ કરી શિબિરાર્થીઓ અરેઠી ગામનો સર્વે કરવા ગયા. ત્યાર બાદ સાંજે ભોજન લઈને. સૌ પ્રાર્થના સભામાં જોડાયા અને પોતાની ટુકડી પ્રમાણે અહેવાલ વાંચન કરવામાં આવ્યો.












તારીખ ૦૮/૦૨/૨૦૨૪ના રોજ એસ.એસ વાર્ષિક શિબિરના બીજા દિવસે સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સોનગઢ જી. તાપીના એન.એસ.એસનો ખાસ વાર્ષિક કેમ્પ મુ. સેલૂડ ખાતે ઉદ્‌ઘાટન સમારંભ રાખવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ગામના સરપંચ, માજી તાલુકા સદસ્યો, ગામના વડીલો અને મોટી સંખ્યામાં ગામના વડીલો હાજર રહ્યા. ત્યારપછી તમામે ભોજન લીધું અને ત્યારબાદ બપોર પછીના સેશનમાં ગામના તમામ રસ્તાઓની સફાઈ, દૂધ ડેરીની સફાઈ, તથા શાળાની સફાઈ કરવામાં આવી. ત્યારબાદ સાંજે ભોજન લીધા પછી સાંજની પ્રાર્થના મીટીંગ કરી અહેવાલ વાંચન વિદ્યાર્થીનો સ્વ અનુભવ રજૂ કરવામાં આવ્યા હતા અને વાર્ષિક શિબિરના બીજો દિવસ પૂર્ણ કરવામાં આવ્યો હતો.













તારીખ ૦૮/૦૨/૨૦૨૪ ના રોજ એસ.એસ વાર્ષિક શિબિરના બીજા દિવસે સવારે પ્રભાતફેરી ફર્યા પછી પ્રાર્થના કરી વિદ્યાર્થીઓ સાથે યોગસન કરી હળવી કસરત કરી હતી. ત્યારબાદ દૈનિક ક્રિયા પછી નાસ્તો કર્યા હતો. ત્યારપછી પ્રાથમિક શાળા ઝરાલી નારાણપર,ગ્રામપંચાયત તેમજ ગામનું મેદાન રસ્તાઓની અને મંદિરની સાફ-સફાઈ કરવામાં આવી હતી. બપોરના ભોજન બાદ વિરામ કરવામાં આવ્યો હતો. તેના પછી બૌદ્ધિક વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. વકતા તરીકે કોલેજના અધ્યાપક અંકુર સર હાજર રહ્યા હતા.જેમનો ટોપિક હતો "વિધાર્થીના જીવન ઘડતરમા એન. એસ. એસ નું મહત્વ" એ અંતર્ગત વિષય અનુરૂપ વ્યક્તિત્વ વિકાસમાં એન. એસ. એસનો ફાળો મહત્વપુર્ણ ગણાવ્યો હતો. યુવાનો રાષ્ટ્રના વિકાસમાં ભાગીદાર બનાવવા માટે પ્રેરક ઉદબોધન કર્યું હતું. એના પછી વિધાર્થીઓને ટુકડીમાં વહેંચણી કરી લોકસંપર્ક કરવા માટે ગામમાં ગયા હતા. પછી સાંજની પ્રાર્થના કરી ભોજન બાદ સાંજની મીટીંગ કરી અહેવાલ વાંચન વિધાર્થીનો સ્વ અનુભવ રજૂ કરવામાં આવ્યા હતા અને વાર્ષિક શિબિરના બીજો દિવસ પૂર્ણ કરવામાં આવ્યો હતો.


















તા.૦૭/૦૨/૨૦૨૪ ના રોજ મા દેવમોગરા સરકારી વિનયન કોલેજ ઉચ્છલના માનનીય આચાર્ય શ્રી ડૉ. કે આર ભટ્ટ મેડમના માર્ગદર્શન હેઠળ વાર્ષિક શિબિરનો ઉદઘાટન સમારોહ પ્રા. પ્રા.શાળા નારણપુર ગામે યોજાવામાં આવ્યો જેમાં સમારંભના ઉદ્ઘાટક તાપી જિ. પંચાયતના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ શ્રીમતિ મસુદાબેન નાઈક, ઉચ્છલ તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંજુલાબેન વળવી અને ગામના સરપંચ શ્રીમતિ આશાબેન, પ્રા. શાળા નારણપુરનો સ્ટાફ, કોલેજ પરિવાર તથા વિદ્યાર્થીમિત્રો, સ્વયંસેવકો હાજર રહી એન એસ. એસ કેમ્પમાં સહભાગી થયા હતા. સ્વયંસેવકો દ્વારા પ્રાથના અને સ્વાગત નૃત્ય કરવામાં આવ્યું હતું.કોલેજના માનનીય આચાર્ય શ્રી ડૉ. કે આર ભટ્ટ મેડમ દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું જેમાં સ્વયંસેવકો ને એન. એસ. એસના હેતુઓથી માહિતગાર કરવામાં આવ્યા અને શુભેચ્છા પાઠવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ઓફિસર પાડવી તૃપ્તિબેન દ્વારા કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ બાદ સમૂહભોજન કરવામાં આવ્યું હતું. સાંજે સ્વયંમ સેવકોએ લોકસંપર્ક કર્યો. ત્યારબાદ ભોજન સ્વયંસેવકો દ્વારા બનાવામાં આવ્યું. સાંજની પ્રાર્થનામાં અહેવાલ વાંચનં અને બીજા દિવસની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.














શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ.ની વાર્ષિક શિબિર(રાજપરા ગામ): Day-4: Date: 8/02/2024, ગુરવાર: શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ.ની વાર્ષિક શિબિરનું આયોજન રાજપરા ગામ(તા-વાલીઆ) ખાતે આયોજન કરવામાં આવ્યું છે. વાર્ષિક શિબિરના ચોથા દિવસે વિદ્યાર્થીનીઓ દ્વારા સમૂહ અલ્પાહાર કર્યા પછી સમૂહ પ્રાર્થના કરવામાં આવી હતી. વિદ્યાર્થીનીઓ દ્વારા "સ્વચ્છતા અભિયાન" અંતર્ગત બસ સ્ટેશન અને આંગણવાડી કેમ્પસની સફાઈ કરવામાં આવી હતી. ગુજરાત યોગ બોર્ડ દ્વારા નિમાયેલા યોગ ટ્રેનર વર્ષાબહેન માટીએડા દ્વારા શાળાના વિદ્યાર્થીઓ અને એન.એસ.એસ. સ્વયંસેવિકા વિદ્યાર્થીનીઓને યોગ અને પ્રાણાયામનું મહત્વ સમજાવી વિવિધ કસરતો, યોગ અને પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા. રાજપરા ગામના પંચાયતના મેદાનમાં એન.એસ.એસ. સ્વયંસેવિકા વિદ્યાર્થીનીઓ દ્વારા શાળાના શિક્ષકશ્રી કૌશિક સોલંકી તથા વિદ્યાર્થીઓની મદદથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં ખાટી આમલી, લિમડો, જાંબુડો, મહુડો, બદામ, ગુલમહોર, આંબો, પિપડો, બેહડો-વગેરે વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું તથા જાળવણીની જવાબદારીનો શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સહર્ષ સ્વીકાર કર્યો છે.બપોરપછી વારડે મદનભાઈ , મોખડીના પ્રગતિશીલ ખેડૂત દ્વારા જીવામૃત, કમ્પોઝ, ધનજીવા, કમ્પોઝ ડી વગેરેની જાણકારી આપવામાં આવી હતી. સાથે સાથે ડ્રેગન ફ્રૂટ,પપૈયા તેમજ આંબા કલમની ઈઝરાયેલ પદ્ધતિથી ખેતી કેવી રીતે કરી શકાય તેમજ ઘરના વાડાની થોડી જગ્યામા કેવી રીતે શાકભાજી ઉગાડી પગભર બની શકાય એની સમજૂતી અને માહિતી આપવામાં આવી હતી. આપણો સંકલ્પ વિકસિત ભારતનીસંકલ્પ યાત્રામા જોડાયા તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી.વાર્ષિક શિબિરનું સંચાલન ઇન્ચાર્જ આચાર્ય અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડો. શર્મિલાબેન પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.દિનેશસિંહ જી. રાજ તથા પ્રા.ડૉ.રોશનકુમાર એન. ગામિત દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રા સૂરજબેન વસાવા આ સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે રહ્યા હતા.





શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ. ની વાર્ષિક શિબિર( રાજપરા ગામ): Day-2: Date: 6/02/2024, મંગળવારઃ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ. ની વાર્ષિક શિબિરનું આયોજન રાજપરા ગામ(તા-વાલીઆ) ખાતે આયોજન કરવામાં આવ્યું છે. વાર્ષિક શિબિરના બીજા દિવસે વિદ્યાર્થીનીઓ દ્વારા સમૂહ પ્રાર્થના કરવામાં આવી હતી, તથા વિદ્યાર્થીનીઓ દ્વારા "સ્વચ્છતા અભિયાન" રાજપરા ગામની સાફસફાઇ , કેમ્પસ પ્લાસ્ટિક કચરા એકત્રિકરણ અને નિકાલ, ગ્રામ સ્વચ્છતા અંતર્ગત ગ્રામ પંચાયત અને સબ સેન્ટરની સફાઈ, પ્લાસ્ટિક કચરા સફાઈ કરવામાં આવી હતી અને બપોરનાં ભોજન બાદ સબ સેન્ટર રાજપરાના એ.એન.એમ.વસાવા હીનાબેન મગનભાઈ તેમજ વસાવા અંજનાબેન રમેશભાઈ દ્વારા વિદ્યાર્થીઓને સ્ત્રી રોગ થવાના કારણો, એનાથી બચવાના ઉપાયો, સિકલસેલ રોગ વિશેની ખુબજ સુંદર સમજ આપવામાં આવી. તેમજ લગ્ન સમયે

કઈ કઈ બાબતોનુ વિશેષ ધ્યાન રાખવું જેથી આવનારી પેઢીને સિકલસેલથી બચાવી તંદુરસ્ત અને સ્વસ્થ જીવનશૈલી જીવી શકાય એ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.વાર્ષિક શિબિરનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને ઈન્ચાર્જ આચાર્ય પ્રા.ડૉ.શર્મીલાબેન પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.દિનેશસિંહ જી. રાજ તેમજ ડો રોશનકુમાર એન ગામીત દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું.


















શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ. ની વાર્ષિક શિબિર( રાજપરા ગામ): Day-1: Date: 05/02/2023, સોમવારઃ શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ(વાલીઆ) એન.એસ.એસ. ની વાર્ષિક શિબિરનું આયોજન રાજપરા ગામ(તા-વાલીઆ) કરવામાં આવ્યું છે. વાર્ષિક શિબિરના પ્રથમ દિવસે પ્રાથમિક શાળામાં ઉદ્દઘાટન સમારંભમાં પ્રાર્થના અને NSS ગીતથી વાર્ષિક શિબિરની શરૂઆત કરી હતી. રાજપરા ગામના સરપંચશ્રી દ્વારા વાર્ષિક શિબિરનો ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળાની વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ સુંદર સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. ઉદ્દઘાટન સમારંભમાં ઉપસ્થિત મહેમાનોનું પુષ્પ અને સ્મૃતિભેટથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં શાળાના આચાર્ય ગામીત રાજેશકુમાર, શિક્ષકશ્રી કૌશિકભાઈ પી.સોલંકી, શિક્ષિકા અમિષાબેન વસાવા, રાજપરા ગામના સરપંચશ્રી લવભાઈ વસાવા તેમજ ગામનાં અન્ય આમંત્રિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.કોલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રા.ડૉ.શર્મીલાબેન પટેલ દ્વારા પ્રાસંગિક વકતવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. ઉદ્દઘાટન સમારંભમાં કોલેજ પ્રાધ્યાપકગણ ડૉ.ડી.એન.પઠાણ અને પ્રા. સુરજબેન વસાવા ઉપસ્થિત રહ્યા હતા. વાર્ષિક શિબિરનું સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને ઈન્ચાર્જ આચાર્ય પ્રા.ડૉ.શર્મીલાબેન પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.દિનેશસિંહ જી. રાજ તેમજ ડૉ.રોશનકુમાર એન. ગામીત દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસે બપોરના સુરુચિ પૂર્ણ ભોજન બાદ વિદ્યાર્થીઓ દ્વારા શાળાના પરિસરની સાફસફાઈ કરવામાં આવી હતી અને શાળાના પ્રાંગણના ફૂલછોડને પાણીનું સિંચન કરવામાં આવ્યું તેમજ બીજા દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.










એમ. કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ
વાર્ષિક ખાસ શિબિર ....
૧. ગ્રામ્ય વૃક્ષોનું રંગરોગાન
૨. ધાર્મિક સ્થળોની આસપાસ સાફ સફાઇ
૩. ગામની પ્રાથમિક શાળાની આસપાસ સ્વચ્છતા અભિયાન...













**એમ. કે. કોલેજ ઓફ કોમર્સ, ભરૂચ દ્વારા N.S.S. ના વિદ્યાર્થીઓ માટે સાત દિવસીય વાર્ષિક શિબિરનું આયોજન**

વિદ્યાર્થીઓ ગ્રામાભિમુખ બને, પર્યાવરણ પરત્વે જાગૃત બને તેમજ સમાજોપયોગી પ્રવૃત્તિઓમાં રસ લેતા થાય એવા ઉમદા હેતુને સાર્થક કરવા એમ. કે. કોલેજ ઓફ કોમર્સ,ભરૂચના વિદ્યાર્થીઓ દ્વારા N.S.S. શિબિરનું તા. ૦૩-૦૨-૨૦૨૪ થી તા. ૦૯-૦૨-૨૦૨૪ દરમિયાન જૂના બોરભાઠાબેટ મુકામે આયોજન કરવામાં આવ્યું છે. તા. ૦૫-૦૨-૨૦૨૪ ના રોજ શિબિરનું ઉદઘાટન કરવામાં આવ્યું. આ પ્રસંગે પરમ પૂજ્ય રામકુંડ તીર્થ સ્થાન અંકલેશ્વરના મહંત સંત શિરોમણી ગંગાદાસ બાપુ, કોલેજ ના આચાર્ય ડો. વી. એ. જોષી, અતિથિ વિશેષ એવા શ્રી પ્રફુલ્લભાઈ કે. પટેલ, માજી સરપંચશ્રી જૂના બોરભાઠાબેટ, શ્રી પ્રભુભાઈ એન. પટેલ, રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા, જૂના બોરભાઠાબેટ, શ્રીમતી કિરણબેન ડી. પટેલ, આચાર્ય શ્રી, પ્રાથમિક શાળા, જૂના બોરભાઠાબેટ, શ્રી ધનસુખભાઈ જે. પટેલ, પ્રમુખ શ્રી, ૧૫ ગામ માછી પટેલ સમાજ, જૂના બોરભાઠાબેટ, તેમજ ગામના આગેવાન એવા શ્રી રતિલાલ પટેલ અને શ્રી મહેશભાઈ પટેલ હાજર રહ્યા હતા.

આ સાત દિવસીય વાર્ષિક શિબિરમાં ગામ સફાઈ, પશુ ચિકિત્સા કેમ્પ, આઈ ચેકઅપ કેમ્પ, શિક્ષણ જાગૃતિ અભિયાન, વૃક્ષોનું રંગરોગાણ, ગામનો સામાજિક- આર્થિક સર્વે, એક ભારત શ્રેષ્ઠ ભારત અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી કોલેજના સ્વયંસેવકોમાં નેતૃત્વ, ટીમ મેનેમેન્ટ, માહિતી સંચાર, સમૂહ જીવન જેવી બાબતોનો વિકાસ કરવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવશે












સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ભિલાડનાં NSS વિભાગ દ્વારા NSS ખાસ શિબિર શૈ.વર્ષ ૨૦૨૩-૨૪ નું આયોજન કરવામાં આવ્યું.

સરકારી વિનયન અને વાણિજય કોલેજ ભીલાડ માં એન. એસ. એસ. વિભાગ દ્વારા ૭ દિવસીય ખાસ શિબિર નું આયોજન તા. ૦૫/૦૨/૨૦૨૪ થી ૧૧/૦૨/૨૦૨૪ સુધી પ્રાથમિક શાળા નાનકાપાડા, માંડા ગામ મુકામે યોજવામાં આવ્યું. જેમાં પ્રથમ દિવસે તા . ૦૫/૦૨/૨૦૨૪ ના રોજ નિવાસી શાળામાં સ્વયમ સેવકો સાથે સવારે વહેલા પહોંચી ગયાં. ત્યાં જઇ સાથે લઇ ગયેલા જરૂરિયાત નાં સામાન ને ગોઠવીને, બપોરના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી. ભોજન બાદ બોદ્ધિક વ્યાખ્યાન માટે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજનાં ગુજરાતીના પ્રા. ડો. પ્રવીણભાઇ સલીયાએ NSS ના ધ્યેય અને હેતુઓ અને NSS વિશે વિગતે ચર્ચા કરી, ત્યારબાદ સાંજે કેમ્પસ સફાઇ કરવામાં આવી. ત્યારબાદ રાત્રી ભોજનની વ્યવસ્થા કરી, રાત્રી સત્રમાં આખા દિવસના કામનો અહેવાલ વાંચન વિધાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ બીજા દિવસના કરવાના કામોની ચર્ચા કરી સત્ર વિસર્જિત કરી બધાએ રાત્રી વિરામ લીધો














તા.૭/૨/૨૦૨૪ ના દિવસે સવારે દૈનિક ક્રિયા પૂર્ણ થયા બાદ સવારે ૭ કલાકે પ્રભાત ફેરી કરવામાં આવેલ, ત્યારબાદ નિયમિત કસરત અને યોગાસનો કરવામાં આવેલ. સવારે ૮ થી ૯ દરમ્યાન ચા નાસ્તો કર્યા બાદ બરઈ ગામમાં આવેલ ઐતિહાસિક ભવાની માતાજીના મંદિર કેમ્પસ બહાર અને આજુબાજુના રસ્તા ઉપર સાફ સફાઈ કરવામાં આવેલ. બપોરે ૧૧ થી ૧ કલાકે ઈકો કલબ દ્વારા ઈકો ફ્રેન્ડલી હ્યુમન વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ. જેમાં વકતવ્ય માટે સરકારી ઇજનેર કોલેજ, વલસાડના પ્રાધ્યાપક શ્રી ડો બી.આર. સુદાનીને આમંત્રિત કરવામાં આવેલ. જેમાં ગ્રીન હાઉસને કારણે વિશ્વ થઈ રહેલ ભયાનક બદલાવ વિશે ચર્ચા કરી, અને આવી કુદરતી આપતીઓમાંથી બચવા આપને ઈકો કલબ બનાવી કેવી રીતે મદદ કરી શકીએ એ વિશે ઉદાહરણ સહિત વર્ણન કરેલ. બપોરનું ભોજન અને આરામ લીધા બાદ બપોરે ૩ થી ૫ કલાક દરમ્યાન પંચપ્રકલ્પના ફીટ ઇન્ડિયા અંતર્ગત રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં બાલવાટિકાથી લઇ ધોરણ ૮ સુધીના બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓના બૌધિક તેમજ શારીરિક વિકાસ થાય એવી રમતો જેવી કે સંગીત ખુરશી, મટકા ફોડ, ફુગ્ગા બેલેન્સ, શબ્દ હરીફાઇ, ૫૦ મીટર દોડ, ૧૦૦ મીટર દોડ, દડા ફેંક, દેડકા કૂડ, કોથરા કૂડ, લીંબુ ચમચી વગેરે હરીફાઈઓનું આયોજન કરવામાં આવેલ. સાંજે ૫ થી ૮ કલાક સુધી સ્વયં સેવકોએ આહીર ફળિયા, પટેલ ફળિયા, મોરા ફળિયા, ઝૂડી ફળિયા, અને કુંભાર ફળિયામાં ગામ સર્વેની કામગીરી કરવામાં આવેલ. રાત્રિના ૮ થી ૯ દરમ્યાન ભોજન લીધા બાદ ચોથા દિવસની કામગીરી વિશે ચર્ચા કરવામાં આવેલ. એ ઉપરાંત દરેક સ્વયં સેવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે નક્કી કરવામાં આવેલ કૃતિની પ્રેક્ટિસ કરવામાં આવેલ. ત્યારબાદ અહેવાલ વાંચન કરી શયન માટે રાત્રે ૧૦ કલાકે પ્રસ્થાન કરવામાં આવેલ.












તા.૯/૨/૨૦૨૪ ના દિવસે સવારે દૈનિક ક્રિયા પૂર્ણ થયા બાદ સવારે ૭ કલાકે પ્રભાત ફેરી કરવામાં આવેલ, ત્યારબાદ નિયમિત કસરત અને યોગાસનો કરવામાં આવેલ. સવારે ૮ થી ૯ દરમ્યાન ચા નાસ્તો કર્યા બાદ બરઈ ગામમાં કોળીવાડ, પારસી ફળિયા અને આગીવાડના આગળ મુખ્ય રસ્તાની આજુબાજુના વિસ્તારની સાફ સફાઈ કરવામાં આવેલ. તેમજ રસ્તામાં અડચણરૂપ જંગલી કાંતરા વનસ્પતિ દૂર કરવામાં આવેલ. એક ટુકડી સવારના નાસ્તાથી લઈ રાત્રિ ભોજન બનાવવા તેમજ વાસણ સાફ સફાઈ સુધી બધી કામગીરી સંભાળેલ. બપોરે ૧ થી ૩ કલાક દરમ્યાન ભોજન વિરામ આપવામાં આવેલ. તેમજ બપોરે ૩ થી ૫ દરમ્યાન ડો કુણાલ શેઠને માર્ગ સલામતી માટે આમંત્રિત કરવામાં આવેલ. જેમાં સવારી સમયે ધ્યાને લેવા વિવિધ મુદ્દાઓ જેવા કે વાહનોની સ્પીડ, વાહનની તંદુરસ્તી, રોડ સિંગનલ, ઉતવારના કરવી, કોઈ સાથે લડાય કે બોલા ચાલી ના કરવું, ગુસ્સે થઈ વાહન ના ચલાવવું, ઋતુ મુજબ દરેક બાબતો ધ્યાનમાં રાખવી, ચોમાસામાં ભીના રસ્તા હોય ગાડી ધીરે ચલાવવું વગેરે વિશે ચર્ચા કરવામાં આવેલ. સાંજે ૫ થી ૮ કલાક સુધી સ્વયં સેવકો ગામની મુલાકાત દરમ્યાન નહેર ફળિયા, કુંભાર ફળિયામાં અને તળાવ ફળિયામાં ગામ સર્વેની કામગીરી કરવામાં આવેલ. રાત્રિના ૮ થી ૯ દરમ્યાન ભોજન લીધા બાદ છઠ્ઠા દિવસની કામગીરી વિશે ચર્ચા કરવામાં આવેલ. એ ઉપરાંત દરેક સ્વયં સેવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે નક્કી કરવામાં આવેલ કૃતિની પ્રેક્ટિસ કરવામાં આવેલ. ત્યારબાદ અહેવાલ વાંચન કરી શયન માટે રાત્રે ૧૦ કલાકે પ્રસ્થાન કરવામાં આવેલ.


















તા.૧૦/૨/૨૦૨૪ ના દિવસે સવારે દૈનિક ક્રિયા પૂર્ણ થયા બાદ સવારે ૭ કલાકે પ્રભાત ફેરી કરવામાં આવેલ, ત્યારબાદ નિયમિત કસરત અને યોગાસનો કરવામાં આવેલ. સવારે ૮ થી ૯ દરમ્યાન ચા નાસ્તો કર્યા બાદ પૂર્ણાહુતિ કાર્યક્રમની જગ્યા ઉપર સાફ સફાઈ કરી તૈયારી કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી અમ્રતભાઈ પટેલ, ગામના સરપંચશ્રી અશોકભાઈ પટેલ, ગામના ઉપસરપંચશ્રી બાબુભાઈ પટેલ, ગ્રામજનો, શાળા શિક્ષકો, શ્રી માર્શલ તેજસભાઈ હળપતિ અને શ્રી ગૌરવકુમાર ભંડારી હાજર રહેલ. સદર કાર્યક્રમનું સંચાલન સ્વયં સેવકો દ્વારા કરવામાં આવેલ. સ્વયં સેવકોએ એંકરીંગ, પ્રાથના, ડાન્સ અને નાટકો (મોબાઇલનું વ્યસન અને હાલનું શિક્ષણ વિષયો ઉપર) કરી સાંસ્કૃતિક કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવેલ. કાર્યક્રમમાં બે સ્વયં સેવકો, શાળા આચાર્યશ્રી, ગામના સરપંચશ્રી અને શાળાના શિક્ષક દ્વારા કેમ્પની કામગીરી વિશે પ્રતિભાવો જણાવેલ. પ્રોગ્રામ ઓફિસરશ્રી ડો પરિમલ પટેલ દ્વારા સદર કેમ્પમાં કરેલ કામગીરી વિશે માહિતી અને આભાર વિધિ કરવામાં આવેલ. બપોરે ૧૨ થી ૨ દરમ્યાન બ્લેક બેલ્ટ ધારકો શ્રી માર્શલ તેજસભાઈ હળપતિ અને શ્રી ગૌરવકુમાર ભંડારી દ્વારા કરાટે દ્વારા સેલ્ફ ડિફેન્સ કરવું, અને ઝેરી સાપ અને બિન ઝેરી સાપ વિશે માહિતી અને તેનાથી કેવી રીતે બચાવ કરવું, સારવાર માટે શું કરવું એ અંગે માર્ગદર્શન આપવામાં આવેલ. બપોરે ૩ થી ૫ દરમ્યાન ભોજન વિરામ બાદ સાંજે ૫ થી ૮ સુધી સ્વયં સેવકો ગામની મુલાકાત દરમ્યાન બરઈ ગામમાં તળાવ ફળિયા, મંદિર ફળિયા, નિશાળ ફળિયા અને આગીવાડમાં ગામ સર્વેની કામગીરી કરવામાં આવેલ. રાત્રિના ૮ થી ૯ દરમ્યાન ભોજન લીધા બાદ સાતમા દિવસની કામગીરી વિશે ચર્ચા કરવામાં આવેલ. દરેક સ્વયં સેવકો માટે સંગીત સંધ્યા રાખવામાં આવેલ, જેમાં સ્વયં સેવકો માટે ગીત સ્પર્ધા અને ગરબા સ્પર્ધા રાખેલ. ત્યારબાદ અહેવાલ વાંચન કરી શયન માટે રાત્રે ૧૦ કલાકે પ્રસ્થાન કરવામાં આવેલ.













તા.૬/૨/૨૦૨૪ ના દિવસે સવારે દૈનિક ક્રિયા પૂર્ણ થયા બાદ સવારે ૭ કલાકે પ્રભાત ફેરી કરવામાં આવેલ, ત્યારબાદ નિયમિત કસરત અને યોગાસનો કરવામાં આવેલ. સવારે ૮ થી ૯ દરમ્યાન ચા નાસ્તો કરી બરઈ ગામમાં આવેલ ઐતિહાસિક ભવાની માતાજીના મંદિર કેમ્પસમાં સાફ સફાઈ કરવામાં આવેલ. બપોરે ૧ થી ૩ કલાકે બપોરનું ભોજન અને આરામ લીધા બાદ બપોરે ૩ થી ૪ કલાક દરમ્યાન લાયન્સ કલબ રોયલના સભ્યશ્રી જે.આર. શાહ નું મોટીવેશનલ સેમીનારનું આયોજન કરવામાં આવેલ. સાંજે ૪ થી ૬ દરમ્યાન ડૉ સેવક ગુરુબક્ષાણી દ્વારા સફળતાના સાત પાગલ ઉપર વકતવ્ય આપવામાં આવેલ. સાંજે ૬ થી ૮ કલાક સુધી સ્વયં સેવકોએ કોળીવાડ ફળિયા ગામ સર્વેની કામગીરી કરવામાં આવેલ. રાત્રિના ૮ થી ૯ દરમ્યાન ભોજન લીધા બાદ ત્રીજા દિવસની કામગીરી વિશે ચર્ચા કરવામાં આવેલ. એ ઉપરાંત દરેક સ્વયં સેવકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે કૃતિ નક્કી કરવામાં આવેલ અને તેની પ્રેક્ટિસ કરવામાં આવેલ. ત્યારબાદ અહેવાલ વાંચન કરી શયન માટે રાત્રે ૧૦ કલાકે પ્રસ્થાન કરવામાં આવેલ.















તા.૧૧/૨/૨૦૨૪ ના દિવસે સવારે દૈનિક ક્રિયા પૂર્ણ થયા બાદ સવારે ૭ કલાકે પ્રભાત ફેરી કરવામાં આવેલ, ત્યારબાદ નિયમિત કસરત અને યોગાસનો કરવામાં આવેલ. સવારે ૮ થી ૯ દરમ્યાન ચા નાસ્તો કર્યા બાદ સવારે ૧૦ થી બપોરે ૧ કલાક સુધી બરઇ પ્રાથમિક શાળામાં, બરઈ ગામમાં નિશાળ ફળિયામાં, મંદિર ફળિયા અને શાળાના આગળ મુખ્ય રસ્તાની આજુબાજુના વિસ્તારની સાફ સફાઈ કરવામાં આવેલ. તેમજ રસ્તામાં અડચણરૂપ જંગલી કાંતરા વનસ્પતિ દૂર કરવામાં આવેલ. બપોરે ૧ થી ૩ કલાક દરમ્યાન ભોજન વિરામ આપવામાં આવેલ. તેમજ બપોરે ૩ થી ૫ દરમ્યાન કેમ્પ માટે ફાળવેલ રૂમોની સાફ સફાઈ કરવામાં આવેલ અને સાંજે ૫ કલાકે કોલેજ તરફ પ્રસ્થાન કરવા તૈયારી કરવામાં આવેલ.















તા.૦૯-૦૨-૨૦૨૪ના રોજ સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, દહેજ ખાતે એન.એસ.એસ વિભાગ દ્વારા એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર દહેજ ગામના ભૂતનાથ મહાદેવના મંદિર ખાતે કરવામાં આવી હતી. કોલેજથી વિદ્યાર્થીઓને બસ દ્વારા મંદિર ખાતે લઇ જવામાં આવ્યા હતા. ત્યાં પહોચીને સૌ પ્રથમ સફાઈ અને રસોઈ માટેની કમિટી બનાવવામાં આવી હતી ત્યાર બાદ તેમને આજના કર્યો અંગેની જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યાર બાદ મંદિરના પુજારી શ્રી દ્વારા આ મંદિરનું મહત્વ, તેનો પુરાણોમાં ઉલ્લેખ વગરે જણાવવામાં આવ્યા હતા. જેમાં એવું કહેવાય છે કે આ મંદિર પાંડવો વખતનું છે અને જે નર્મદા પરિક્રમાવાસીઓ આવે છે તેઓ પોતાની નર્મદા પરિક્રમા દરમ્યાન જ્યાં સુધી આ ૩ સ્વયંભૂ મહાદેવના દર્શન અને પૂજા ના કરે ત્યાં સુધી તેમની નર્મદા પરિક્રમા પૂર્ણ થયેલી માનવામાં આવતી નથી. ત્યાર બાદ એન.એસ.એસ.ના અમુક સ્વયંસેવકો દ્વારા સમગ્ર મંદિર, તેનું પરિસર, ગૌશાળા અને બગીચાની સાફસફાઈ કરવામાં આવી હતી જયારે અન્ય સ્વયંસેવકો દ્વારા રસોઈ બનવવામાં આવી હતી. સફાઈનું કાર્ય પૂર્ણ થતા સૌપ્રથમ વિદ્યાર્થીઓ અને ત્યાર બાદ અધ્યાપકો દ્વારા ભોજન લેવામાં આવ્યું હતું. ત્યારબાદ બસ દ્વારા બધા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો કોલેજ ખાતે પરત ફર્યા હતા. આ કાર્યક્રમમાં NSSના તમામ સ્વયં સેવકો અને કોલેજના અધ્યાપકો દ્વારા હાજરી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય શ્રી ડો.લીના દવે મેડમના માર્ગદર્શન હેઠળ NSS પ્રોગ્રામ ઓફીસર અને એકાઉન્ટન્સી વિષયના મદદનીશ પ્રાધ્યાપક શ્રી બળદેવભાઈ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.















સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, દહેજના NSS કેમ્પનો તા. ૦૨.૦૩.૨૦૨૪ ના રોજ બીજો દિવસ હતો. જેમાં સવારની શરૂઆત પ્રભાત ફેરી, યોગા, પ્રાર્થના અને સમૂહ નાસ્તાથી થઇ હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ ઉદઘાટન કાર્યક્રમની તૈયારીમાં જોડાયા હતા, જ્યારે અન્ય વિદ્યાર્થીઓ દ્વારા રસોઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઉદઘાટન કાર્યક્રમમાં BEIL કંપનીના યુનિટ હેડ ડો. મહેશભાઈ ત્રિવેદી, HR Assistant Manager સાગરભાઈ સોની, ધ્વનીલ શાહ, લુવારા મરીન પોલીસ સ્ટેશનના પીઆઇ શ્રી બી એન પાટીદાર, દહેજ PHC ના મેડિકલ ઓફિસર ડો. કૃપાબેન, લુવારા ગામના સરપંચ શ્રી ઈશ્વરભાઈ રાઠોડ, લુવારા SMC અધ્યક્ષ શ્રી સંજયભાઈ પટેલ, લુવારા પ્રાથમિક શાળાના આચાર્ય શ્રીમતી રશ્મિકાબેન ઠાકોર અને સ્ટાફ ગણ અને સાથે સાથે BEIL કંપનીની ફાયર ટીમ હાજર રહી હતી.












તા.૦૩.૦૩.૨૦૨૪ના રોજ સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ દહેજના NSS Camp નો ત્રીજો દિવસ હતો. જેમાં દિવસની શરૂઆત પ્રભાતફેરી, યોગ, સમૂહ પ્રાર્થના અને નાસ્તાથી થઇ હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા લુવારા ગામના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈને સફાઇ કરી હતી. આજના બૌધિક વકતા તેમના અસામાન્ય સંજોગોના કારણે આવી શક્યા નોહતા એટલે વિદ્યાર્થીઓ દ્વારા બેટી બચાવો, બેટી પઢાઓ, સ્વરછ ભારત, પ્લાસ્ટિક મુકત ભારત, નશામુકત ભારત અને મતદાર જાગૃતિ અંગેના વિવિધ પોસ્ટર બનાવ્યા હતા. ત્યારબાદ ભોજન લઈને વિદ્યાર્થીઓને ઉપરના વિવિધ વિષયો આધારિત નાટક અને સાંસ્કૃતિક કાર્યક્રમ અંગેની સૂચનાઓ આપવામાં આવી હતી ત્યારબાદ ગામમાં ઉપરના વિષયો પર વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ભિત સૂત્રો લખવામાં આવ્યા હતા. ત્યારબાદ સાંજનું ભોજન લઈને આવતીકાલ અંગેનું આયોજન અને આજનો અહેવાલનું વાંચન કરવામાં આવ્યું હતું.


















તા.૧૫/૦૨/૨૦૨૪ના રોજ એન.એસ.એસ વાર્ષિક શિબિરના બીજા દિવસે સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડ, જી. તાપીના એન.એસ.એસના સ્વયંસેવકોએ ગામના તમામ રસ્તાઓની સફાઇ, દૂધ ડેરીની સફાઇ, તથા ગ્રામ પંચાયત સફાઇ કરવામાં આવી. સાંજે લોકસંપર્ક અભિયાન ગોઠવવામાં આવ્યું હતું














સરકારી વિજ્ઞાન કોલેજ વાલોડના એન.એસ.એસ વિભાગ દ્વારા તારીખ ૧૪ -૦૨ -૨૦૨૪ થી ૨૦-૦૨ -૨૦૨૪ દરમિયાન વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, મહુવા તાલુકા પંચાયતનાં પ્રમુખ શીલાબેન પટેલ પ્રમુખ પદે અને સંસ્કાર નિકેતન ઉ. બુ. આશ્રમશાળાના પ્રમુખ શ્રી કાન્તુંભાઈ પટેલ ઉદ્ઘાટક તરીકે ઉદ્ઘાટન સમારોહમાં સંસ્કાર નિકેતન ઉ.બુ. આશ્રમશાળા ખાતે હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજનાં આચાર્ય ડો. હેતલ ટંડેલ અને અતિથિ વિશેષ તરીકે રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી યાસિફ પઠાણ તેમજ સરપંચ અને સાથે કોલેજના આચાર્ય શ્રી અધ્યાપક મિત્રો તથા ગામના વડીલો એ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી આ શિબિરની સફળતા માટે ઉપસ્થિત મહેમાનોએ અનેક શુભેચ્છાઓ પાઠવી હતી.


















શ્રી ઈ.ખો.ચાવડા ગ્રામ વિદ્યાપીઠ કહાનવાડી, ઈન. આચાર્યશ્રી કેતનભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ તા.૨૧/૦૨/૨૦૨૪નાં રોજ વાર્ષિક ખાસ શિબિર હનુમાન કુંજ પરમાથે આશ્રમ વહેરાખાડી ખાતે ઉદ્ઘાટન સમારંભ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત આશ્રમના મહંત સ્વામિ શ્રી ગંગેશ્વર મહારાજના સંત્સંગ દ્વારા કરવામાં આવ્યો. ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓએ આશ્રમની ગૌશાળા, અશ્ર્વશાળા તથા ખેતીવાડીની મુલાકાત લીધી. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા જાતે રસોઈ બનાવી ભોજન લીધું અને રાત્રે સંમેલનમાં આખા દિવસના કાર્યક્રમનો અહેવાલ વિદ્યાર્થી દ્વારા લખવામાં આવ્યો હતો













તા. ૨૨/૦૨/૨૦૨૪ NSS વાર્ષિક ખાસ શિબિરનાં બીજા દિવસે શ્રી ઈ.ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ કહાનવાડીના NSS સ્વયંસેવાકો દ્વારા સવારે ૬:૩૦ કલાકે પ્રાણાયમ,યોગાસન, કસરત કરવામાં આવી હતી. ત્યારબાદ ૯:૦૦ કલાકે આશ્રમમાં મંદિરના પટરાંગણમાં, ગૌશાળા, અશ્રવશાળા તથા આવાસના પરિસરની બહાર સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ,, ત્યારબાદ સાંજના ૪:૦૦ કલાકે મહીસાગર નદિના તટમાં પ્લાસ્ટીક એકત્ર કરી તેનો નાશ કરી પ્લાસ્ટીક મુકત અભિયાન કરવામાં આવ્યુ અને રાત્રે વિદ્યાર્થિઓ દ્વારા બનાવેલ ભોજન કોલેજના આચાર્યશ્રી તથા સ્ટાફ મિત્રોએ સાજનું સામૂહિક ભોજન લેવામાં આવ્યું.


















તા. ૨૫/૦૨/૨૦૨૪ NSS વાર્ષિક ખાસ શિબિર શ્રી ઇ.ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ કહાનવાડીના NSS સ્વયંસેવાકો દ્વારા આજે સવારના સેશનમાં ચિત્ર સ્પર્ધા કરવામાં આવી હતી ત્યારબાદ સાંજના સમયે વહેરાખાડી ગામમાં વ્યસન મુકિતનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો, ત્યારબાદ રાત્રિના સમયે સજીવ ખેતી વિષય પર વકૃત્વ સ્પર્ધા કરવામાં આવી હતી.















સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલના એનએસએસ વિભાગ દ્વારા કોલેજના આચાર્યશ્રી ડો. પાર્થિવકુમાર કે ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ તારીખ ૧૯/૦૨/ ૨૦૨૪થી ૨૫/ ૦૨/૨૦૨૪ દરમિયાન વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. વાર્ષિક શિબિરના આજના પ્રથમ દિવસે સ્થળ પર પહોંચી સફાઇ કરવામાં આવી.










તા.૨૦/૦૨/૨૦૨૪નાં રોજ NSS વાર્ષિક શિબિરના બીજા દિવસે આચાર્યશ્રી ડો.પાર્થિવકુમાર કે ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલનો વાર્ષિક શિબિરનો ભણબા ડુંગર પરીસરિય પ્રવાસન કેન્દ્ર (ગામઃ સણધરા) ખાતે ઉદ્ઘાટન સમારંભ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ભણબા દેવની પૂજા કર્યા બાદ આગળનો કાર્યક્રમ કરવામાં આવ્યો. ઉદ્ઘાટન સમારંભ નાં અધ્યક્ષ વન વિભાગના અધિકારી ફોરેસ્ટર પ્રીતિ ચૌધરી મેડમ,વન સંરક્ષક સર્મિલાબેન, સુરેશભાઈ તથા કોલેજના સ્ટાફ મિત્રો હાજર રહ્યા હતા.આજ રોજ કેમ્પસ સફાઈ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા જાતે રસોઈ બનાવી ભોજન લીધું. આજનાં કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.














તા.૨૧/૦૨/૨૦૨૪ અને ૨૨/૦૨/૨૦૨૪ વાર્ષિક શિબિરનાં ત્રીજા અને ચોથા દિવસે સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલ NSS સ્વયંસેવાકો દ્વારા પ્રાણાયમ,યોગાસન, સૂર્યનમસ્કાર,કેમ્પસ તથા વૃક્ષો રંગરોગાન કરવામાં આવ્યા. વનસ્પતિશાસ્ત્રનાં અધ્યક્ષ ડો. વિશાલ રાવ સાહેબ દ્વારા કેસૂડાં વિશે તથા વૃક્ષો, આપણા જીવનમાં તથા પર્યાવરણ માટે કેટલા મહત્વના છે તેના વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. દૂધ ડેરીની સફાઈ કરવામાં આવી.ખેતીવાડીની મુલાકાત કરવામાં આવી. ખેડૂતોની મુલાકાત લેવામાં આવી.વિદ્યાર્થિઓ દ્વારા બનાવેલ ભોજન કોલેજના આચાર્યશ્રી તથા સ્ટાફ મિત્રોએ સાજનું સામૂહિક ભોજન લેવામાં આવ્યું











Interactions with villeges to spread Awareness to them and invited them for the various program scheduled for them at NSS Annual Camp of KBS & NATARAJ College at Bhensdara, Dharampur.
















કે.બી.એસ. કોમર્સ એન્ડ
નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ
કોલેજ, વાપી
SHOT ON MI 10 5G






SHOT ON MI 10 5G


કે.બી.એસ. કોમર્સ એન્ડ
નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ
કોલેજ, વાપી

૨૨/૦૨/૨૦૨૪ ના રોજ NSS ખાસ શિબિરમાં જોડાયેલા સ્વયંસેવક મિત્રો તથા NSS P.O. સાથે મળીને નક્કી કરેલ સ્થળ પ્રમાણે વ્યાવલ પ્રાથમિક શાળા ખાતે પહોંચ્યા ત્યારબાદ બપોરનું ભોજન લઈને ગ્રામ મુલાકાત લીધી ત્યારબાદ અગાઉના દિવસોનું સમૂહ આયોજન કરીને સાંજનું સમૂહ ભોજન લેવામાં આવ્યું. તાઃ ૨૩/૦૨/૨૪ ના રોજ સવારે વહેલા ઊઠીને પ્રાર્થના, ધૂન, નિત્યક્રમ વગેરે કરીને ઉદઘાટન સભાનું આયોજન કરવામાં આવ્યું જેમાં સરપંચશ્રી, ઉપસરપંચશ્રી પ્રાથમિક શાળાના સ્ટાફમિત્રો, શાળાના નાના ભૂલકાઓ, NSS P.O. તથા સ્વયંસેવકો વગેરે જોડાયા બાદ સામૂહિક ભોજન લઈને ગ્રામ સફાઈ કાર્યક્રમમાં જોડાયા. તાઃ ૨૪/૦૨/૨૦૨૪ ના રોજ નિત્યક્રમ કરીને ગ્રામ સફાઈ તથા સ્વયંસેવક મિત્રો દ્વારા ગામને પ્લાસ્ટિક મુકત કરવાના સફળ પ્રયત્નો કરવામાં આવ્યા.









આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ચકલાદ સરભણ ના એનએસએસ વિભાગ દ્વારા વાર્ષિક શિબિરમાં તારીખ ૨૯/૦૨/૨૪ ના રોજ માતર પીએસસી દ્વારા કોબલા ગામમાં ફ્રી મેડિકલ ચેકઅપ રાખવામાં આવ્યું હતું જેમાં ૯૫ જેટલા ગામના લોકોએ મેડિકલ ચેકઅપ કરાવ્યું હતું અને ફ્રી માં દવાઓનો લાભ લીધો હતો અને આ બધામાં એનએસએસ ના શિબિરાર્થી મદદ કરી હતી


















આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વ્યારા એન.એસ.એસ.ના તા.૦૩/૦૪/૨૦૨૪ પાંચમા દિવસે ગાંધી વિદ્યાપીઠ વેડછીમા સવારે ૬:૧૦ કલાકે પ્રાર્થના ત્યારબાદ સાફ સફાઈનું શ્રમ કાર્ય ૯:૦૦ કલાકે ચા નાસ્તો ચા નાસ્તો કર્યા. આજે નેશનલ સેમીનાર યોજાયો. ઉદઘાટન કાર્યક્રમમા રાયસિંગ ચૌધરી, ભદ્રાયુ સ્વરાજની, અમરસિંહ ચૌધરી વડીલ તજજ્ઞો દ્વારા ગાંધીજીના મૂલ્યો અને આધુનિક તાલીમ, ૨૦૨૦ ની નવી શિક્ષણ નીતિ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા ૧:૦૦ કલાકે ભોજન લીધું ૨:૧૫ જુદી જુદી પેનલના સંશોધન પેપર રજૂ કર્યા ૪:૦૦ કલાકે જુદા જુદા પેનલના ચેરમેનશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા આ રીતે દિવસ દરમિયાન બૌધિક જ્ઞાન પીરસવામાં આવ્યું જેનો લાભ એન.એસ એસ. સ્વયંસેવકો ને મળ્યો.૬:૦૦ કલાકે ભોજન ૭:૦૦ કલાકે પ્રાર્થના ત્યારબાદ ગૃપ પ્રમાણે સાંસ્કુતિક પ્રોગ્રામ માટે પ્રેક્ટિસ કરવામાં આવી.













આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ વ્યારા એન.એસ.એસ.ના તા.૦૩/૦૪/૨૦૨૪ પાંચમા દિવસે ગાંધી વિદ્યાપીઠ વેડછીમા સવારે ૬:૧૦ કલાકે પ્રાર્થના ત્યારબાદ સાફ સફાઈનું શ્રમ કાર્ય ૯:૦૦ કલાકે ચા નાસ્તો ચા નાસ્તો કર્યા. આજે નેશનલ સેમીનાર યોજાયો. ઉદઘાટન કાર્યક્રમમા રાયસિંગ ચૌધરી, ભદ્રાયુ સ્વરાજની, અમરસિંહ ચૌધરી વડીલ તજજ્ઞો દ્વારા ગાંધીજીના મૂલ્યો અને આધુનિક તાલીમ, ૨૦૨૦ ની નવી શિક્ષણ નીતિ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા ૧:૦૦ કલાકે ભોજન લીધું ૨:૧૫ જુદી જુદી પેનલના સંશોધન પેપર રજૂ કર્યા ૪:૦૦ કલાકે જુદા જુદા પેનલના ચેરમેનશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા આ રીતે દિવસ દરમિયાન બૌધિક જ્ઞાન પીરસવામાં આવ્યું જેનો લાભ એન.એસ એસ. સ્વયંસેવકો ને મળ્યો.૬:૦૦ કલાકે ભોજન ૭:૦૦ કલાકે પ્રાર્થના ત્યારબાદ ગૃપ પ્રમાણે સાંસ્કૃતિક પ્રોગ્રામ માટે પ્રેક્ટિસ કરવામાં આવી.









**નૂતન ગ્રામ વિદ્યાપીઠ-થવા ના એન.એસ.એસ.એકમ દ્વારા સુરત જિલ્લાનું છેલ્લું ગામ ચવડા , તા.ઉમરપાડા ખાતે પ્રાકૃતિક ખેતી અને ગ્રામ શિક્ષણ વિષય પર એન.એસ.એસ. ખાસ શિબિર.**


















Publish by :

**NSS OFFICE**

**Veer Narmad South Gujarat University**

Opp G.D. Goenka International School,
New City Light Canal Road, Surat, Gujarat
E-mail : nss@vnsgu.ac.in